# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા-૦૨/૨૦૨૨-૨૩/ ૬૮૭૪-૫ તારીખ : ૧૧ - ૧૦ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
રાજુભાઈ વ્યાસ
ડીજીબ પેલેસની બાજુમાં, ૧૬-પંચનાથ પ્લોટ, આંબલી વાળી શેરી ,
મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ , જી. : રાજકોટ ,
પીન કોડ. : ૩૬૦૦૦૧
મોબાઈલ : ૮૧૪૦૭૦૨૯૦૨

**વિષય :** વીજબીલ વધારે આવવા બાબત .

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૨૨-૦૯-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૪/ક્વા-૦૨/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

**બિડાણ : ઉપર મુજબ.**

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.**
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પ્રદ્યુમનનગર રાજકોટ શહેર.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૪/ક્વા-૨/૨૨-૨૩/૬૮૭૪-૭ તા.૧૧.૧૦.૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-૧૪/ક્વા-૨/૨૨-૨૩**

અરજદાર : રાજુભાઈ વ્યાસ ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. શહેર વિભાગીય કચેરી – ૨ રાજકોટ

રજૂઆત કરનાર : શ્રી એચ. એમ. ભોજાણી, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., શહેર વિભાગીય કચેરી – ૨ રાજકોટ હાજર રહેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૧૦.૧૦.૨૦૨૨ (સોમવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૦.૧૦.૨૦૨૨ (સોમવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં.૩૧૩૦૫/૦૦૫૧૪/૭ થી પ્રદ્યુમનનગર પેટાવિભાગીય કચેરી હેઠળ ૧ KW નું રહેણાંક હેતુનું વીજજોડાણ ધરાવે છે. અરજદારના ઘરમાં વીજવપરાશ ન હોવા છતાંપણ બીલ ઘણું વધારે આવેલ છે, તેમજ વખતોવખત પણ વધારે બીલ આવતું હોય છે. અરજદાર વધુમાં જણાવે છે કે તેઓના ઘરમાં એક ફ્રીઝ, પાણીની મોટર, ત્રણ લાઈટ, એક પંખો તથા એક એ.સી. અને એક ટીવી છે. અરજદારનો વપરાશ ખુબજ ઓછો હોવા છતાં પણ તેઓને માહે જુલાઈ-ઓગષ્ટ ૨૦૨૨ નું ૨૧૭૩ યુનીટનું રૂ.૧૮૮૫૧/- નું વીજબીલ આવેલ છે જે ખરેખર શક્ય ન હોય, સદર વીજબીલ બાબતે યોગ્ય કરવા અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારના સ્થળ પર જઈ ગ્રાહકના મીટરમાં હાલના રીડીંગ ચકાસીને અરજદારને રીડીંગ મુજબજ બીલ અપાયેલ હોય તેમ સમજાવેલ છે, જેથી અરજદાર સદર વીજબીલ ભરપાઈ કરી આપવા સહમત થયેલ છે. તેમજ અરજદાર દ્વારા તા.૩૦.૦૯.૨૦૨૨ ના રોજ લેખિત અરજી કરી સદર ફરિયાદ પરત ખેચી લીધેલ છે સાથોસાથ તા.૦૧.૧૦.૨૦૨૨ ના રોજ સમાધાન પત્રમાં સહી પણ કરી આપેલ છે, જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદારની ફરિયાદનું સુખદ નિરાકરણ થયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની લેખિત અને રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ઉપરોક્ત મુદ્દા નં ૩.૦ મુજબની વિગતે રૂબરૂ સ્પષ્ટતા થતા અરજદારે તા.૦૧.૧૦.૨૦૨૨ ના રોજ લેખિત સંમંતિ આપીને સમાધાન પત્રમાં સહી કરી આપેલ છે. આમ, અરજદારની ફરિયાદનું પી.જી.વી.સી.એલ. કક્ષાએથી નિરાકરણ થયેલ હોવાથી આ કેસમાં ફોરમ કક્ષાએથી હવે કંઈ કરવાનું રહેતું નથી.

૪.૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |